ફો.કે.નં.૨૩૦૨/૨૦૧૯

**<u>આંક– ૧ લગત હુકમ.......</u>**

સદર કામે આરોપી સામે તા.૦૮/૦૪/૨૦૧૯ નાં રોજ ચાર્જશીટ કર્યા બાદ અનેક વાર વોરંટ ઈસ્યુ કરવા છતાં આરોપીની હાજરી મળી આવેલ નથી. ઉલ્લેખનીય છે કે, આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબનાં ગુનાનું ચાર્જશીટ થયેલ છે. ચાર્જશીટના તમામ પેપર્સ સાથે ***ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ ની કલમ–૮૫(૧)*** ની જોગવાઈ ધ્યાને લેતાં

***જે કોઈ વ્યકિત, જેમાં લોકોને આવ–જા કરવાની છૂટ હોય, અથવા આવ–જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્ણતૂંક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદૃત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.*** તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ અનુસાર હાલના કિસ્સામાં તમામ પોલીસ પેપર્સમાં કોઈપણ જગ્યાએ આરોપી ઉપરોકત કલમ–૮૫ (૧) ની જોગવાઈ અનુસારનું વર્તન કરતો હોય તેવો લેશમાત્ર ઉલ્લેખ નથી. ત્યારે સંપૂર્ણ કાર્યવાહી ચલાવવામાં આવે તો પણ ઉપરોકત કલમ મુજબ ચાર્જફ્રેમ કરી શકાય તેમ નથી. આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧) ના આવશ્યક તત્વો મુજબ લોકોની અવર જવરવાળાં વિસ્તારમાં નશાની હાલતમાં પોતાની જાતે પોતાનું બેલેન્સ જાળવી શકતા ન હોય તેવી હાલતમાં જાહેરમાં બિભત્સ વર્તન કરેલ હોય તેવો કોઈ પ્રાઈમાફેસી પુરાવો જણાતો ન હોય, આ કામના આરોપીએ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૮૫(૧) મુજબનો કોઈ ગુન્હો કરેલ હોય, તેવી કોઈ હકીકત પ્રથમદર્શનીય જણાતી ન હોય. આરોપી મળી આવે તો પણ અરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ– ૮૫ (૧) મુજબનું ચાર્જ ફ્રેમ કરી શકાય તેવો કોઈ જ પુરાવો પોલીસ પેપર્સ તથા ચાર્જશીટનાં કાગળો અનુસાર જણાય આવતો નથી.

આ તબકકે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૯ ની જોગવાઈ ધ્યાને લેતાં પોલીસ રીપોર્ટ તથા કલમ–૧૭૩ સાથે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં જો આરોપી સામેનું તહોમત વજુદ વિનાનું જણાય તો, આરોપીને તે ગુન્હામાંથી ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે હાલના કિસ્સામાં

ઉપરોકત ચર્ચા અનુસાર આરોપી મળી આવે તો પણ કલમ–૮૫ (૧) મુજબનો તહોમત ઘડી શકાય તેમ ન હોય. આરોપી સામે માત્ર ગુજરાત નશાબંધી સુધારા અધિનીયમ કલમ–૬૬(૧)(બી) મુજબના આક્ષેપીત ગુન્હા અંગેનું તહોમત બાકી રહે છે. જેની મહત્તમ સજાની માત્રા પ્રથમ ગુન્હા માટે ૬ મહીના તથા રૂા.૧૦૦૦/– સુધીના દંડની છે.

ઉપરોકત બાબતો ધ્યાને લેતાં આરોપી સામેનાં ગુન્હાના પ્રકાર અને સંજોગો ધ્યાને લેતાં આરોપી સામે ફોજદારી કાર્યરીતી સહીતાની જોગવાઈઓ અનુસાર સમંસ ટ્રાયલ મુજબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. તે બાબત ધ્યાને લેતાં હાલના કિસ્સામાં ચાર્જશીટ કર્યા બાદ પ્રોસીકયુશન એજન્સી આરોપીને ૫ વર્ષ જેટલા સમયગાળાથી હાજર રાખી શકેલ ન હોય. આરોપી સામેનું બિનજામીન પાત્ર વોરંટ બજાવી શકેલ ન હોય ત્યારે તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ ની જોગવાઈ ધ્યાને લઈ તે મુજબ કાર્યવાહી પડતી મુકવા માટે હાલનો કેસ યોગ્ય જણાય છે. જેથી ન્યાયનાં વિશાળ હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ:–</u>**

આરોપી સામે હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકી આરોપીને બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(એ.એન.પટેલ)

તા.૦૯/૦૩/૨૦૨૪ — બીજા એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ.

બોટાદ. — બોટાદ.